તારીખ :30/10/2018 | વિષય : ગુજરાતી | ગુણ : 80
વાર : મંગળવાર | ધોરણ : 7 (પ્રથમ સત્ર) | સમય : 2:00 થી 5:00

---

**પ્રશ્ન 1. (અ) સાચો વિકલ્પ શોધી પ્રશ્નોના ઉત્તર લખો.** (6)

(1) 'પરીક્ષા' પાઠમાં 'વિદ્યાધિકારી' શબ્દ કોના માટે વપરાયો છે?
(A) પંડિત માટે (B) શિક્ષણના અધિકારી માટે
(C) સામાજિક અધિકારી માટે (D) સરકારી અધિકારી માટે

(2) ગાંધીજી દિલ્હી શા માટે જવા નીકળ્યા હતા?
(A) લૉર્ડ કલાઇવને મળવા માટે (B) લૉર્ડ ડેલહાઉસીને મળવા માટે
(C) લૉર્ડ માઉન્ટબેટનને મળવા માટે (D) લૉર્ડ મિન્ટોને મળવા માટે

(3) 'રાન' શબ્દનો અર્થ શો થાય ?
(A) ધરતી (B) જંગલ (C) આકાશ (D) રણ

(4) 'ભીખુ' પાઠમાં 'આ છોકરો સ્તંભ હશે'- શબ્દનો અર્થ શો છે?
(A) કુટુંબમાં જવાબદાર (B) અડગ (C) નોકરી કરતો (D) કમાતો

(5) બા કયારે વાડા વિના ઝુરાપો અનુભવે છે?
(A) પરદેશ જાય ત્યારે (B) દીકરાને ઘેર જાય ત્યારે
(C) પિતાની યાદ આવે ત્યારે (D) પતિની યાદ આવે ત્યારે

(6) રાતા રંગની ઝળાંહળાં રચનાનો આકાર કેવો હતો ?
(A) લંબગોળ (B) લંબચોરસ (C) ચોરસ (D) ત્રિકોણ

**(બ) પાત્ર અને કૃતિને યોગ્ય રીતે જોડો.** (5)

| (અ) પાત્ર | (બ) કૃતિ |
|---|---|
| 1. બા | 1. રાનમાં |
| 2. વહાલોજી | 2. પરીક્ષા |
| 3 .મહાદેવ | 3. બાનો વાડો |
| 4. ગાંધીજી | 4. આજની ઘડી રળિયામણી |
| 5. મોર | 5. બે ખાનાંનો પરિગ્રહ |

**(ક) કાવ્યપંક્તિ પૂર્ણ કરો.** (4)

ક્યાંક ચોમાસું.................ધોધમાર બેઠું

**પ્રશ્ન 2. (અ) નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. (ગમે તે ત્રણ)** (6)

(1) વહાલાજીના સ્વાગત માટે સખીઓ શી શી તૈયારીઓ કરે છે?
(2) ' કુટુંબનો સ્તંભ' કોને કહેવાય છે?
(3) ટૉર્ચના પ્રકાશની પરગ્રહવાસીઓ ઉપર શી અસર થઈ?
(4) લેખકોને સાચી કેળવણી ક્યારે મળી?



Scanned by CamScanner

(બ) નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો. (ગમે તે બે) (8)

(1) બાની દિનચર્યા શી હતી?

(2) વલય અને તેના મિત્રો પરગ્રહવાસીઓના કબજામાંથી કેવી રીતે છૂટ્યાં?

(3) ઈન્સ્પેક્ટરે મહાદેવને પરીક્ષામાં શા માટે બેસવા દીધો?

(ક) કારણો આપો. (ગમે તે ત્રણ) (6)

(1) મહાદેવનાં આંસુ આનંદમાં ફેરવાઈ ગયાં કારણ કે...

(2) લેખકના મતે 'બા ભોળી નહિ, ભલી ખરી' કારણ કે...

(3) ભાભીએ દિયરને મહેણું માર્યું કારણ કે...

(4) સખીઓ ગંગા-જમનાનાં નીર મંગાવે છે કારણ કે...

પ્રશ્ન-3 સૂચના પ્રમાણે લખો.

(1) રૂઢિપ્રયોગના અર્થ આપી વાક્યપ્રયોગ કરો. (2)

1. ઉગારી લેવું 2. માઝા મૂકવી

(2) વિરુદ્ધાર્થી શબ્દ લખો. (ગમે તે બે) (2)

1. પસંદ 2. કાળજી 3. નિર્દોષ

(3) નીચેનાં વાક્યોના પ્રકાર લખો. (2)

1. વાહ! શું પેપર છે!

2. પરીક્ષાનું પરિણામ શું આવશે?

(4) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. (ગમે તે બે) (2)

1. સૂકી માટીના મોટા ગાંગડા

2. સુંદર અને ગુણિયલ સ્ત્રી

3. ત્રણ જાતના પાનમાંથી બનાવેલ તોરણ

(5) નીચેના વાક્યોના કાળ ઓળખાવો. (ગમે તે બે) (2)

1. વાંક બીજાનો ને સજા મને થાય છે

2. મેં મનમાં વિચાર કરેલો

3. હું આ પેપર સૌથી પહેલાં પૂરું કરીશ

(6) કહેવતનો અર્થ લખો (ગમે તે એક) (1)

1. દશેરાએ ઘોડું ન દોડવું

2. ખાયા સો ખાયા, ખિલાયા સો પાયા

(7) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ લખો (ગમે તે બે) (2)

1. ઘડી 2. પાન 3. રળિયામણું

(8) સાચી જોડણી લખો (ગમે તે બે) (2)

1. શાવરણી 2. ખીશકોલી 3. ટહૂકો



Scanned by CamScanner

પ્રશ્ન 4. (અ) 'સ્વચ્છતાનું મહત્વ' દર્શાવતો પત્ર તમારા મિત્રને લખો. (5)

(બ) નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો. (10)

1. મેં જોયેલું સ્વપ્ન
2. મહાત્મા ગાંધીજી
3. મારી બા

પ્રશ્ન 5. (અ) ફકરો વાંચી પ્રશ્નોના ઉત્તર લખો. (5)

મારા પાંચ ભાઈઓમાંથી એક જ બી.એ. સુધી પહોંચી શક્યો. બાકીના વચમાં જ ક્યાંક ક્યાંક અટકી ગયા. અંગ્રેજી કેળવણી પાછળ ભારે ખર્ચ કર્યો છતાં પોતાની ઉમેદ બર ન આવી એમ જોઈ પિતાશ્રી ખૂબ હતાશ થયા હતા. એમણે પહેલેથી જ નક્કી કરેલું કે દત્તુને કૉલેજમાં નથી જ મોકલવો. હું મનમાં ચિડાતો વાંક બીજાનો ને સજા મને થાય છે! પણ મેં કશું કહ્યું નહીં. જ્યારે પહેલે જ વર્ષે હું મૅટ્રિક પાસ થયો ત્યારે મારી કંઇક શાખ જામી?

(1). લેખકની શાખ ક્યારે જામી?
(2) પિતાશ્રી હતાશ કેમ થયા?
(3) 'ઉમેદ બર ન આવી' એટલે શું?
(4) લેખકના પિતાશ્રીએ કઈ કેળવણી પાછળ ખૂબ ખર્ચ કર્યો હતો?
(5) પિતાશ્રીએ દત્તુને કૉલેજ નહિ મોકલવાનો નિર્ણય શા માટે કર્યો?

(બ) વિચાર-વિસ્તાર કરો. (ગમે તે એક) (4)

(1) ' સ્વચ્છતા ત્યાં પ્રભુતા.'
(2) નિષ્ફળતા એ સફળતાની ચાવી છે.

(ક) નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો. (ગમે તે ત્રણ) (6)

(1) તમે જોયેલા મેળા વિશે ચાર વાક્યો લખો
(2) 'જીવન પાથેય' પાઠમાં પૈસાદાર થવા બાબતે લેખકની શી માન્યતા હતી?
(3) ઇન્સ્પેક્ટરસાહેબનો ક્યો ગુણ તમને ગમ્યો? શા માટે?
(4) આળસથી શું શું નુકસાન થાય છે?



Scanned by CamScanner